# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમ પ્રવેશ વર્ષ-૨૦૧૯

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમના રાઉન્ડ-૨ માં મળેલ પ્રવેશ Confirm (કાયમ) કરવા તેમજ સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવા અંગે

## ઉમેદવારોને જરૂરી અને અગત્યની સૂચના

1. જે ઉમેદવારોએ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા ઉમેદવારોએ તા. ૧૦-૦૭-૨૦૧૯ થી તા. ૧૪-૦૭-૨૦૧૯ દરમ્યાન જરૂરી ટોકન ટ્યૂશન ફીની રકમ રોકડમાં ICICI Bank ની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login IDમાંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
2. જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને “Admission Slip” ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં.
3. બેઠક ફાળવાયેલ ઉમેદવાર તા. ૧૪-૦૭-૨૦૧૯ સુધીમાં જરૂરી ટોકન ટ્યૂશન ફી નિર્ધારીત શાખામાં અથવા ઓનલાઈન જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ નિયમોનુસાર આપોઆપ રદ થશે.
4. પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની પ્રથમ સત્રની શરૂઆત **તા. ૧૮-૦૭-૨૦૧૯ ગુરૂવાર**ના રોજ થતી હોઈને પ્રવેશ મેળવેલ તમામ ઉમેદવારોએ તા. ૧૮-૦૭-૨૦૧૯ ગુરૂવાર સુધીમાં સંસ્થા ખાતે શૈક્ષણિક કાર્યમાં જોડાઈ જવાની સલાહ આપવામાં આવે છે.
5. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તેવા ઉમેદવારોએ તા. ૧૦-૦૭-૨૦૧૯ થી તા. ૧૫-૦૭-૨૦૧૯ સુધીમાં ઓનલાઈન પ્રવેશ રદ કરાવી શકશે અને તેઓને પ્રવેશ રદ અંગેના નિયમ-૧૮ મુજબ ફી રીફંડ મળવા પાત્ર રહેશે.
6. પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ લેનાર દરેક વિદ્યાર્થીએ ટોકન ટ્યૂશન ફી ભર્યા બાદ સંસ્થા ખાતે તા. ૨૦-૦૭-૨૦૧૯ સુધીમાં બાકી સેમેસ્ટરની ફી ભરી દેવી અન્યથા પ્રવેશ રદ્ થવાને પાત્ર રહેશે.

**તા. ૧૨-૦૭-૨૦૧૯**

**— મેમ્બર સેક્રેટરી**